# પ્રતિબદ્ધ વાર્તાઓ | મણિલાલ હ. પટેલ

[**'ખાંડણિયામાં માથું'** : વાર્તાઓ : લે. હિમાંશી શેલત, પ્ર. અરુણોદય પ્રકાશન, અમદાવાદ-૧, પ્રથમ આવૃત્તિ : ૨૦૦૪, પૃ. ૧૪૬+૬, કિં. રૂ. ૭૦/-]

**''વસ્તુને શું જાણે વ્યાકરણી ?**
**ગળા સુધી ઘી ભર્યું –**
**એનો સ્વાદ શું જાણે બરણી ?''**

વસ્તુ-તત્ત્વ સન્દર્ભે આપણા ભક્તકવિએ ઉચ્ચારેલી આ પંક્તિઓ આપણા વિવેચનને આજે પણ લાગુ પડે એવી સ્થિતિ છે. કેટલાકને હજી 'એમની' વાસી આધુનિકતાનો નશો ઊતર્યો નથી. અનુઆધુનિકતાને નામે જે આછો- પાતળો જુવાળ આપણે ત્યાં આવેલો તે પણ હવે તો કૈંક મંદપ્રાણ છે ત્યારે 'અનુઆધુનિકતાને' અટપટી ભૂમિકાઓથી ચર્ચનારા પણ છે. ખેર...! વિશિષ્ટ સર્જક-કૃતિઓ તરફ જોવાનું ચુકાવું ન જોઈએ. અન્યથા સિદ્ધાંતચર્ચાઓ પણ પોથીમાંનાં રીંગણાં જ બની રહેવાની છે.

પ્રત્યક્ષ જીવનના સંકુલ વાસ્તવને, શબ્દ અને સંયોજના-સંકલનાથી રૂપાંતરણ કરીને, નવી રીતે રચી આપનાર સર્જક એટલા માટે મહત્ત્વનો બની જાય છે કે એણે સમકાલીન જીવનવાસ્તવને તાગ્યું હોય છે અને સાહિત્યિક માવજતમાં પણ એ સફળ થયો હોય છે. જીવન અને સાહિત્ય બંનેની ખેવના કરનાર સર્જક-વાર્તાકાર તરીકે હિમાંશી શેલતમાં મને છેક 'અંતરાલ' (૧૯૮૬ પ્ર.આ.)કાળથી રસ પડ્યો હતો. પછીના એમના વાર્તાસંચયોએ પણ મને નિરાશ નથી કર્યો. 'એ લોકો' (૧૯૯૬)માં એમની નિસબત નીખરી હતી.

'ખાંડણિયામાં માથું' (૨૦૦૪) હિમાંશી શેલતનો 'વિશિષ્ટ' વાર્તાસંગ્રહ છે. હા, ગુજરાતી સાહિત્યમાં આવી પ્રતિબદ્ધતાથી ઓછા લેખકોએ ઓછી વાર જ લખ્યું છે. વળી, સામાજિક નિસબતથી લખવું, સમાજને બર્બરતામાં ધકેલતી ઘટનાઓ / સમસ્યાઓ લઈને લખવું અને એ માત્ર 'અહેવાલ' ન બનતાં સાહિત્યિક ગુણવત્તાયુક્ત વાર્તા બની આવે એમ સહજ લખવું એ નાનીસૂની વાત નથી. હિમાંશી શેલત આ સંગ્રહમાં પ્રતિબદ્ધતાથી અને સર્જક મટ્યા વિના પ્રવર્ત્યાં છે. આ તરફ વિવેચકોએ આંખ આડા કાન કરીને આપણે ત્યાં પ્રગટેલી – સમયના તકાજામાંથી પ્રગટેલી – વાર્તાઓને તથા એ રીતે સાહિત્યના નવા પ્રવાહને નહિ નોંધ્યાનો અપરાધ કર્યો છે તો બીજી તરફ કહેવાતા કર્મશીલોએ પણ સામાજિક પ્રતિબદ્ધતાની આવી મજબૂતીની ભાગ્યે જ નોંધ લીધી છે – એ એમની સામાજિક નિસબતમાં રહેલી કચાશ સૂચવે છે.

'ખાંડણિયામાં માથું'ની ૧૯ વાર્તાઓ સાંપ્રત સમાજજીવનમાં પ્રવર્તમાન અ-માનુષીતા, અનીતિ, બેજવાબદારી, ગુનાખોરી, ખંધાઈ, હુલ્લડો – દંગાફસાદ, નારીશોષણ અને બળાત્કાર, મૂલ્યહીન શિક્ષણ, ધર્મના નામે અનાચાર-અત્યાચાર, ગુંડાગર્દી કક્ષાનું શેતાન લોકોનું રાજકારણ, કાયદાને નામે અંધાધૂંધી, બર્બરતા : જેવી અનેક સમસ્યાઓને ઊંડળમાં લે છે. કર્મશીલ તરીકે ઉપેક્ષિતો – પીડિતોની વચ્ચે કામ કરતાં કરતાં અનુભવોએ અંદરથી હચમચાવ્યા ને દઝાડ્યા ત્યારે અનિવાર્યપણે રચાયેલી આ વાર્તાઓ સચ્ચાઈ અને શબ્દસંયોજનાની ઉભય રીતે પ્રભાવક બની છે. મારા જેવા ભાવકને એ દરેક વાંચને અજંપ કરતી રહી છે... માટે આટલો તારસ્વર છે.

'આજે રાતે –' વાર્તા સંચયની પ્રથમ વાર્તા છે. ઉપેક્ષિતો – પીડિતો માટે કામ કરતી એક નિવૃત્ત શિક્ષિકા – જે કુટુમ્બમાં વડીલ પણ છે એની – અસહાય દશા એને આત્મહત્યા સુધી દોરી જાય છે. ના, અહીં એ સ્ત્રીની પોતાના અંગત જીવનની કશી મજબૂરીઓ નથી. આ વાર્તા, મરી પરવારેલા માનવધર્મની, અમાનુષી કત્લેઆમની વચ્ચે સંવેદનશીલ માણસની હયાતીની જ જાણે કે વિડંબના થતી રહે છે – તેની વાત કરે છે. શહેરમાં કોમવાદી હિંસા વકરી છે. જે મુસ્લિમો રોજેરોજ પોતાનુંય કામ કરી આપતા હતા એમને બચાવવાય એ પ્રૌઢાનાં સ્વજનો આગળ નથી આવતાં એટલું જ નહિ, એને એમ કરતાં ટોકે છે – રોકે છે... ને વાતો ધર્મ, સત્ય, જવાબદારીની કરે છે. છેવટે, આશરો લેવા પ્રૌઢાને ત્યાં આવવા નીકળેલાં એ પંદરવીસ વિધર્મી માણસો રસ્તામાં જ રહેંસાઈ જાય છે ને આ નારી અંદરથી નિઃસહાયપણે તરફડતી રહી જાય છે. હવે એને જીવવું નથી – બલકે જીવવું એને અર્થહીન લાગે છે – માણસ તરીકે જીવવાનો અધિકાર પણ પોતે ગુમાવ્યાનું એને લાગે છે. શિક્ષણના દિવસો, લાગણીઓ, ભાવાર્દ્રતા, શીખી શીખવેલી મૂલ્યલક્ષી વાતો બધું એને અંદરથી તોડે છે... પણ બહારનું જગત એને લાચાર, નિઃસહાય બનાવે છે. સ્વજનો, શિક્ષણ, ધર્મ-સત્ય, મૂલ્યો ને સમાજ : બધાંમાંથી એનો વિશ્વાસ ડગી ગયો છે – બલકે નામશેષ થઈ ગયો છે. એટલે એ આત્મહત્યા કરવા પૂર્વે પોતાની નોંધ લખે છે. આ નોંધ એ જ આ વાર્તા ! પણ એમાં એનો હાયકારો અને ચારેબાજુનો હાહાકાર ચુસ્તીથી વર્ણવાયાં છે... ફોન, મિત્રો, મદદ, શબ્દો, પ્રત્યાયન, કાયદો – પોલીસ કશું જ કામે નથી લાગતું... ને નિરર્થક ધર્મ અને સ્યૂડો માનવતાનું દંભી રટણ કરતાં માણસો પર નફરત વછૂટે છે.

ધર્મને નામે ચરી ખાનારાઓ અને દુષ્ટ રાજકીય પક્ષો કે એવા જ લુચ્ચા આગેવાનો છાશવારે આ કે તે બહાને બન્ધનું એલાન આપીને જીવનગતિને ખોરવી નાખે છે ને હજારો લોકોની રોજીરોટી રઝળી પડે છે. 'વામન' વાર્તાનો નાયક આ સામાજિક અત્યાચાર સામે અવાજ ઉઠાવવા અને બન્ધને દિવસે પોતાની દુકાન ખોલીને 'બન્ધ'ને પડકારવાનું સાહસ કરે છે. વિરાટ દુરાચારીઓ સામે 'વામન'નો વિદ્રોહ ભલે એક ચેષ્ટા બની રહે પણ એ નિસબતની ચિનગારી આશા જન્માવે છે. શહેરીકરણનાં અનિષ્ટો અને માણસોની સંવેદનજડતા તથા લાચારી સન્દર્ભે પણ વાર્તા તીખો વ્યંગ બની રહી છે. અલબત્ત, વાર્તા બહુપરિમાણી બનતી નથી પણ એની અસરકારકતા ધ્યાનપાત્ર છે. એમાં જે સંવેદનાનો ખળભળાટ છે એ પણ આપણને વ્યગ્ર કરવામાં સફળ થાય છે.

'વળતી મુસાફરી' વાર્તા દેખીતી રીતે તો 'ગોધરાકાંડ'ને તથા એની ભીતરી ભયંકરતાને વર્ણવતી લાગે. પણ એમાં અન્ય પરિમાણોય છે. કથાનાયક ઘણા વખતે મામાને મળવા આવ્યો છે. મામા અપંગ જેવા થઈ ગયા છે પણ એમનો પ્રેમ ને ઉમળકો તો એવાં જ છે. છોકરિયાળું ઘર ખાલી થઈ ગયું છે. મકાનનો બદલાયેલો ઝાંખો રંગ પણ સૂચક છે. સાંપ્રત જીવનનું વાસ્તવ કરુણનો સંકેત પણ કરે છે. એક તરફ આંતરિક નિઃસહાયતા છે ને બીજી તરફ કોમી હુલ્લડોમાં બર્બરતાનું સામ્રાજ્ય પાછા વળતા વાર્તાનાયકને હચમચાવી દે છે. જે ધર્મ ધારે છે – તારે છે તેને નામે જે જંગલિયત વ્યાપી વળી છે તે ભલભલાને લાચાર અને વિવશવ્યગ્ર કરી મૂકે છે... 'માણસ'ને આટલી કઠોર શિક્ષા શાને વાસ્તે થઈ રહી છે ? કઈ સભ્યતા છે આ ?? જેવા અનેક પ્રશ્નોનાં બાણથી વીંધતી આ વાર્તા એની વસ્તુસંકલના અને ભાષાસંરચનાની બાબતે પણ ઊંચી

સાહિત્યિક ગુણવત્તા ધરાવે છે.

'રેશમી રજાઈમાં બાકોરું' વાર્તા કોમી તોફાનો દરમિયાન બળાત્કારનો ભોગ બનતી સ્ત્રીઓની વેદનાને તાગે છે. બળાત્કાર બાબતે યુવતીઓનાં ફૅશન- અંગપ્રદર્શનનાં વલણોને જ આગળ ધરતી સ્ત્રીઓને પણ અહીં લેખિકાએ ઠમઠોરી છે. એક સાદીસીધી નોકરબાઈ બળાત્કારનો ભોગ બની છે ને બધી જ દલીલો વામણી બની ગઈ છે. ખરેખર તો બધી જ સ્ત્રીઓ, બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રીની વેદનાને નથી જ સમજી શકતી. સૌ સૌના સુરક્ષાના કિલ્લામાં રહીને દયાભાવ દાખવે છે. જ્યારે આ વાર્તાની કથક દ્વારા એ ઊંડી ને અસ્તિત્વને હચમચાવી નાખતી પીડાની વાત માર્મિક રીતે મુકાઈ છે.

વિધવાઓની વ્યથાપીડા વિશે ફિલ્મો કરવી એ દેવદાસીઓ / વેશ્યાઓનાં શોષણ વિશે ચિત્રો દોરવાં એ એક વાત છે ને એમની શારી નાખતી યાતનાઓને મહેસૂસ કરવી એ તો અઘરી વાત છે. મદનિકા મિશ્રા (ફિલ્મ મેકર) અને માધવી (ચિત્રકાર)નાં પાત્રો તથા એમની નિજી અનુભૂતિઓ દ્વારા ઉપરોક્ત વાત પર 'એકાવનમો એપિસોડ' વાર્તામાં પ્રકાશ પાડવામાં આવ્યો છે. પ્રેમઝંખા સામે સ્ત્રીને ઉપેક્ષા મળે છે, કાં પ્રેમને નામે ખપ પૂરતા ઉપચારો જ મળે છે. સધવા સ્ત્રીનું જીવન પણ વિધવા કે દેવદાસી જેવું જ હોવાનો એહસાસ કરાવતી આ વાર્તા માર્મિક છે. 'સજા'માં વિધર્મી લોકોની કતલ કરવામાં સહભાગી પતિ તરફ પત્નીને થતી નફરત વર્ણવાઈ છે. કાયદો તો 'સજા' નથી કરતો, છોડી દે છે. પણ પત્ની એના 'પતિને પાસે નહિ આવવા દેવાની' સજા કરે છે.

આપણો સમકાલીન સમાજ બહારની ઝાકઝમાળ સામે અંદરથી તો પોલો ખોખલો ખવાઈ ગયેલો ને જડ-કઠોર બની ગયો છે... 'પચીસમી જાન્યુઆરી', 'ઇતિહાસ', 'લાચારી', 'નાયકભેદ' જેવી વાર્તાઓમાં એની પ્રતીતિ થાય છે. 'પચીસમી જાન્યુઆરી' વાર્તામાં બળાત્કાર, ખૂન, ગરીબાઈની સમસ્યાઓ – વગેરેની ખણખોદ કરીને મીડિયા માટે કામ કરતા પત્રકારો બહારથી લાગે એવા ભલાભોળા લાગણીશીલ નથી હોતા, બલ્કે એય નઠોર-કઠોર છે એ ચીંધ્યું છે. 'નાયકભેદ'માં ખાધે-પીધે સુખી એવા ભદ્ર સમાજના પતિ-પુરુષોની નફ્ફરતા, સંવેદનજડતા દર્શાવાઈ છે. સડી ગયેલા મધ્યમ – ઉપલા મધ્યમ વર્ગનાં ચિત્રો આ સંચયની વિશેષતા બની રહ્યાં છે.

'ખાંડણિયામાં માથું' વાર્તા બહિર્-આંતર્ બેઉ પ્રવાહોમાં સાથે ચાલે છે. 'સેક્સ વર્કર'ને મદદરૂપ થવા અને એમની સમસ્યાઓ ઉકેલવા સારુ કામ કરતી નાયિકાનું પોતાનું એક ખુમારીભર્યું પ્રેમજીવન છે... 'માથા સાટે મોંઘી વસ્તુ' માટે નાયિકાએ અસ્તિત્વને અડીખમ રાખ્યું છે... બીજી બાજુ સેક્સ વર્કર સુનીતા પણ કોઈ એક મરદને ચાહે છે ને હવે એની થઈને રહેવા ચાહે છે – પણ તે કામ દોહ્યલું છે. સેક્સ વર્કસ સ્ત્રીઓ નાયિકાને ગાડીમાં મૂકવા-લેવા આવતા પ્રેમી પુરુષને જીજાજી માની લઈને ખુશ થાય છે – નાયિકા પણ એ અંગે કશો ખુલાસો કરીને ગૂંચ ઊભી કરવા નથી ચાહતી ! બે સ્થિતિઓનું સન્નિધિકરણ પણ કલાપોષક બન્યું છે.

નારીજીવનની સમકાલીન સમસ્યાઓને લઈને પણ અહીં વાર્તાઓ લખાઈ છે. વૃદ્ધાનું મરણ જાણે કશી વિસાત જ નથી. એમનું ઉત્તર જીવન પણ એવું જ ઉપેક્ષિત હોય છે. (બ્રાહ્મમુહૂર્ત). પતિ બીજી સ્ત્રીને ચાહે છે ને હવે એની સાથે રહેવા જવા ચાહે છે ત્યારે પત્ની અને યુવાન દીકરીની વ્યથાવેદના શું હોય ! ને વળી ભણેલાં તથા કળાની દુનિયાનાં છે આ લોકો તો !! (વિચ્છેદની ક્ષણ). 'વરાળનો એક કિસ્સો'માં પૈસો અને ભૌતિકતા પાછળ ઘેલા પતિની ન્યાતમાં એની કલાપ્રેમી પત્ની પણ વટલાઈ જાય છે. 'ઊર્જા'માં વાસ્તુશાસ્ત્રના વહેમથી દુઃખી પરિવાર સામે રાવટીમાં રહેતો છોકરો 'માછલીઘર' મેળવીને નવી 'ઊર્જા'નો અનુભવ કરે છે. 'અગિયારમો પત્ર' તથા 'આસમાની દીવાલ' વાર્તાઓ સામાન્ય છે તો પણ આપણો સમય, એનો અમાનુષી ચહેરો તથા જીવનની વિડંબના તો જરૂર પમાય છે.

'ભંગુર' વાર્તા સંચયની સારી વાર્તાઓમાંની એક છે. પત્નીને કૅન્સર છે. પતિ અને દીકરો-દીકરીની ચિંતાઓ કોરી ખાય છે. પત્ની હવે નહિ જીવે-નું દુઃખ અનુભવતાં ત્રણે સ્વજનો (પતિ – સંતાનો) ધરતીકંપનો ભોગ બને છે – એ મૃત્યુ દર્દનાક છે. અહીં પણ સંનિધિકરણથી વાર્તા વધુ ચોટદાર બની છે. ભાષાનું બળ પણ ધ્યાનાર્હ છે. પોતાના સમકાલીન સમાજમાં જે અમાનુષી પરિસ્થિતિઓ રચાઈ છે ને બર્બરતાનું રાજ છે – એને વિશે, વાર્તાકલાની શરતો સાચવતાં રહીને, એકસાથે એક સંચયમાં જ, આટલી પ્રતિબદ્ધ વાર્તાઓ આપવાનું સર્જક-સાહસ કરીને મૌન રહેનાર હિમાંશી શેલતને બેઉ હાથે સલામ !!